# C.W.D.C.અંતર્ગત ચાલતી પ્રવૃતિઓ

## તા.૦૮/૦૯/૨૦૨૨

# હેલ્થ અવેરનેસ

આજ રોજ આર્ટસ કોલેજ ફતેપુરામાં ચાલતા C.W.D.સેલ અંતર્ગત વર્ષ ૨૦૨૨/૨૩ માં વિદ્યાર્થીનીઓમા સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આવે તેમ જ કુપોષણ નિવારણ થાય ટે માટે "હેલ્થ અવેરનેસ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સરકારી હોસ્પિટલ ઝાલોદમાંથી હેતલબેન પંડ્યાને બોલાવવામાં આવ્યા હતા. કાર્યક્રમણી શરુઆત દીપ પ્રાગટ્યથી થઇ હતી. કોલેજના આચાર્ય ડૉ.ચરપોટ સાહેબે પ્રવચન આપી પુષ્પ્ગુછથી હેતલબેનનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ ઈતિહાસ વિષયના અધ્યક્ષા પ્રો.દેશલરાજબા રાઠોડે પ્રસંગાનુરૂપ બે શબ્દો કહ્યા હતા.કાર્યક્રમનો દોર આગળ વધતા હેતલબેન દ્વારા વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય જાગૃતિ માટે ખાવા પીવાની આદતોથી માંડીને કુપોષણ નિવારણના ઉપાયો બતાવ્યા હતા અને વિદ્યાર્થીનીઓમા સારા પ્રમાણમાં જાગૃતિ આવે તે માટે સુંદર વ્યખ્યાન આપ્યુ.. આમ તેઓએ વિદ્યાર્થીનીઓને ઉચિત માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. જે વિદ્યાર્થીનીઓએ કાર્યક્રમમા ભાગ લીધો હતો તે તમામ વિદ્યાર્થીનીઓ કુપોષણ નિવારણનું વચન આપીને છૂટી પડી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન C.W.D.C. કોર્ડીનેટર આધ્યાપિકા ડૉ.ભાનુબેન એન.રાઠોડ દ્વારા કરવામાં આવ્યું.



વિશ્વ મહિલા દિવસ

(C.W.D.C.)

તારીખ ૦૭/03/૨૦૨૩ ના રોજ C.W.D.C.અંતર્ગત આર્ટ્સ કૉલેજ ફતેપુરા ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટ્યથી કરવામાં આવી હતી.પ્રારંભમાં કૉલેજના આચાર્ય ડૉ.ચરપોટ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કોલેજમાં વીઝીટીંગ ફેકલ્ટીમાં આવતા ડૉ.લીલાબેન દ્વારા વિશ્વ મહિલા દિવસ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિ કૉલેજની વિદ્યાર્થીની બહેનો દ્વારા કરવામાં આવી હતી.

